**–: આંક–૧ નીચે હુકમ :–**

૧. આ કામે રેકર્ડ જોવામાં આવે, તો હાલનાં ફરિયાદી ધ્વારા ધી એન.આઈ.એકટની કલમ–૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરેલ છે. જે અંગે રેકર્ડ જોતાં, આ કામે હાલની ફરિયાદને ફરિયાદી ધ્વારા અત્રેની અદાલતની હકૂમત સંદર્ભે તેમજ લોન આપેલ હોય, તેનાં દસ્તાવેજો રજૂ થવા સંદર્ભે ફરિયાદને ઈન્કવાયરી રજિસ્ટરે રાખવાનો હુકમ કરેલ છે. આ તબકકે ધી એન.આઈ.એકટમાં સને ર૦૧પ માં જે સુધારો ફરિયાદ દાખલ કરવા સંદર્ભેની સત્તા–અધિકાર આપેલ છે, તે સંદર્ભે કલમ–૧૩૮ માં કોગ્નીઝન્સ લેવાની સત્તા સંદર્ભે એવો સુધારો કરવામાં આવેલ છે, તે મુજબ–

3. In the principal Act, section 142 shall be numbered as sub-section (1) thereof and after sub-section (1) as so numbered, the following sub-section shall be inserted,
namely:—

"(2) The offence under section 138 shall be inquired into and tried only by a court within whose local jurisdiction,—

(a) if the cheque is delivered for collection through an account, the branch of the bank where the payee or holder in due course, as the case may be, maintains the account, is situated; or

(b) if the cheque is presented for payment by the payee or holder in due course, otherwise through an account, the branch of the drawee bank where the drawer maintains the account, is situated.
Explanation.— For the purposes of clause (a), where a cheque is delivered for collection at any branch of the bank of the payee or holder in due course, then, the cheque shall be deemed to have been delivered to the branch of the bank in which the payee or holder in due course, as the case may be, maintains the account.".

આમ, ઉપરોકત જોગવાઈ મુજબ જયાં ચેકનો ધારક પોતાનું બેન્ક ખાતું ધરાવતો હોય, તે જગ્યાએ ચેક

કલેકશન માટે આપેલ હોય, તે બ્રાન્ચને જે ન્યાયી હકૂમત ક્ષેત્રમાં આવતી હોય, ત્યાં ફરિયાદ દાખલ થઈ શકશે તેમજ જો બ્રાન્ચ ધરાવતાં ન હોય, તેવી જગ્યાએ ચેક જમા કરાવેલ હોય, તો ચેક લખી આપનાર વ્યકિત જે જગ્યાએ ખાતું ધરાવતાં હોય, તેને ફરિયાદ દાખલ કરવાની સત્તા–ન્યાયિક અધિકાર ક્ષેત્ર મળે છે. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *2014 0 AIR(SC) 2528; Indian Bank Association and others Versus Union of India and others* નાં ચુકાદામાં જે ગાઈડલાઈન તથા ડાયરેકશન આપવામાં આવેલ છે, તે પેરા નં. ૨૧ માં જે પ્રથમ ડાયરેકશન આપવામાં આવેલ છે, તે વંચાણે લેવામાં આવે, તો–

21. Many of the directions given by the various High Courts, in our view, are worthy of emulation by the Criminal Courts all over the country dealing with cases under Section 138 of the Negotiable Instruments Act, for which the following directions are being given :

DIRECTIONS:

(1) Metropolitan Magistrate/Judicial Magistrate (MM/JM), on the day when the complaint under Section 138 of the Act is presented, shall scrutinize the complaint and, if the complaint is accompanied by the affidavit, and the affidavit and the documents, if any, are found to be in order, take cognizance and direct issuance of summons.

(2) MM/JM should adopt a pragmatic and realistic approach while issuing summons. Summons must be properly addressed and sent by post as well as by e-mail address got from the complainant. Court, in appropriate cases, may take the assistance of the police or the nearby Court to serve notice to the accused. For notice of appearance, a short date be fixed. If the summons is received back un-served, immediate follow up action be taken.

(3) Court may indicate in the summon that if the accused makes an application for compounding of offences at the first hearing of the case and, if such an application is made, Court may pass appropriate orders at

the earliest.

(4) Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for re-calling a witness for cross-examination.

(5) The Court concerned must ensure that examination-in-chief, cross-examination and reexamination of the complainant must be conducted within three months of assigning the case. The Court has option of accepting affidavits of the witnesses, instead of examining them in Court. Witnesses to the complaint and accused must be available for cross-examination as and when there is direction to this effect by the Court.

આમ, પ્રથમ ડાયરેકશન જ એ પ્રકારનું છે કે, જયારે ફરિયાદ દાખલ કરવામાં આવે, ત્યારે તેને સ્ક્રૂટીનાઈઝ કરી, તેની સાથે સોગંદનામું તથા જરૂરી દસ્તાવેજો અનુક્રમ અનુસાર રજૂ કરેલ હોય, ત્યારે ફરિયાદ દાખલ કરી શકાશે. સદરહુ ચુકાદામાં જે ડાયરેકશન આપવામાં આવેલ છે, તેમાં નીચેની અદાલતોને સ્પષ્ટપણે આદેશ કરતું ડાયરેકશન છે કે, ફરિયાદ સાથે જરૂરી દસ્તાવેજો રજૂ કરવા અને તેને યોગ્ય રીતે રજૂ કરવા જરૂરી છે. હાલનાં કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત ઘ્વારા ઉપરોકત જે ડાયરેકશન આપેલ છે, તે ઘ્યાને લેતાં, પક્ષકારો વચ્ચે લોનનો લેણદેણનો વ્યવહાર થયેલ હોય, આથી લોન એગ્રીમેન્ટ આવશ્યક દસ્તાવેજ બની જાય છે. આથી, સદર દસ્તાવેજ નામદાર સર્વોચ્ચ અદાલત ઘ્વારા જે ઉપરોકત ડાયરેકશન આપેલ છે, તેમાં દસ્તાવેજો યોગ્ય સ્વરૂપે, યોગ્ય અનુક્રમમાં રજૂ થવા ફરિયાદ સમયે જરૂરી હોય, કારણ કે નામદાર સર્વોચ્ચ અદાલત ઘ્વારા જે *2017 0 AIR(SC) 4594, M/s. Meters and Instruments Private Limited & Anr. Versus Kanchan Mehta* નાં ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જયારે આરોપીને સમન્સની બજવણી થાય, ત્યારે આરોપી ઘ્વારા જયાં સુધી પોતાનો બચાવ કોર્ટ સમક્ષ જાહેર ન કરે અને ઉલટતપાસ માટે ફરિયાદીને રિકોલ કરવાની અરજી ના આપે, ત્યાં સુધી ફરિયાદીની ફરિયાદ સંદર્ભેનો બચાવ લેવાનો અધિકાર આરોપી પક્ષને નથી. આમ, આ કામે ચેક રિટર્ન મેમો તથા ડિમાન્ડ–નોટિસ તેમજ જે વ્યવહાર સંદર્ભે લોન આપેલ છે, તે લોન પેપર્સ આવશ્યક દસ્તાવેજો હોય, જે રજૂ થવું આવશ્યક હોય આથી નામદાર સર્વોચ્ચ અદાલતનાં ઉપરોકત ચુકાદામાં જે સિઘ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે, તેને ઘ્યાને લેતાં,

આ કામનાં ફરિયાદ પક્ષ ધ્વારા આજ રોજ પુરસીસ આપી અને લોન પેપર્સ તેઓની મુખ્ય બ્રાન્ચ ગુજરાત રાજય બહાર આવેલ હોય, ત્યાં હોય આથી ચાલૂ ટ્રાયલ દરમિયાન પુરાવાનાં તબકકે તે રજૂ કરી આપશે, તેવી પુરસીસ આપી જાહેરાત કરેલ હોય તેમજ ફરિયાદીની બેન્ક એચ.ડી.એફ.સી. અત્રેની અદાલતની હકૂમતક્ષેત્રમાં આવતું હોય, તે હકીકત પણ પુરસીસથી જાહેર કરેલ હોય, આથી નામદાર સર્વોચ્ચ અદાલતનાં ઈન્ડીયા બેન્ક એસોસીએશનનાં ઉપરોકત ચુકાદાનાં સિધ્ધાંતને આધારે હાલની ઈન્કવાયરીને ફેંસલ કરવામાં આવે છે અને ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

હાલની ઈન્કવાયરીને ક્રિમિનલ કેસ રજિસ્ટરેનોંધવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપી નં.        ને ધી એન.આઈ.એકટની કલમ–૧૩૮ અન્વયેનાં ગુના અન્વયે પ્રોસેસ ઈશ્યુ કરવી ન્યાયોચિત જણાતાં, ફરિયાદ પક્ષ જે દસ્તાવેજો પર આધાર રાખતાં હોય, તે દસ્તાવેજો રજૂ કર્યેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે આરોપી વિરૂધ્ધ ધી એન.આઈ.એકટની કલમ–૧૩૮ નાં ગુના બાબતનો પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને હાલની ઈન્કવાયરીને ફોજદારી કેસ રજિસ્ટરેનોંધવાનો હુકમ કરવામાં આવે છે અને પ્રોસેસ આરોપીને બજીને તારીખ........................ નાં રોજ પરત આવવા માટે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.**

**અમદાવાદ.**
**તા. ૦૫/૧૦/૨૦૧૯.**

**( જે.જી.દામોદ્રા)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૮,અમદાવાદ.**
**કોડ નં. જીજે૦૦૯૯૬**

પી.બી.પટેલ–પી.એ.